**અનુબંધ-A**

**નોન-બેન્કીંગ ફાઈનાન્સીયલ કંપનીઓ માટે લોકપાલ યોજના-2018:**

**મુખ્ય લાક્ષણીકતાઓ**

| | યોજના નીચેના ગ્રાહકોને આવરી લે છે |
|---|---|
| તમામ ડીપોઝીટ સ્વીકારતી એનબીએફસી | એનબીએફસી જેની સંપત્તિ કદ>=રૂપિયા 100 કરોડ + ગ્રાહક ઈન્ટરફેસ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપનીઓ, કોર ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ અને ફડચામાં ગયેલ એનબીએફસી સિવાયની) |

**ગ્રાહક દ્વારા ફરિયાદ નોંધાવવા માટેની ભૂમિકાઓ:**

- વ્યાજ અથવા થાપણની ચુકવણી કરવામાં ન આવી હોય અથવા વિલંબથી ચુકવણી કરી હોય
- ચેક રજુ ન કરાયો હોય અથવા વિલંબથી રજુ કર્યો હોય
- મંજુર કરેલ લોનની રકમ, લોનની શરતો અને નિયમો, વાર્ષિક વ્યાજનો દર વગેરેની જાણ કરવામાં ન આવી હોય
- કરારમાં તથા વસુલવાના શુલ્કમાં ફેરફારો અંગે નોટીસ મોકલવામાં આવી ન હોય
- કરાર / લોન એગ્રીમેન્ટમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળતા
- જામીનગીરીઓ/ દસ્તાવેજો પરત કરવામાં નિષ્ફળતા / વિલંબ
- એનબીએફસી દ્વારા આરબીઆઈની માર્ગદર્શિકાઓનું પાલન ન કરવું
- લોન એગ્રીમેન્ટ/ કરારમાં કાયદેસર લાગુ પાડી શકાય તેવા બીલ્ટ-ઈન રીપઝેશન ક્લોઝ પૂરું પાડવામાં નિષ્ફળતા
- ફેર પ્રેક્ટીસ કોડ પરની માર્ગદર્શિકાઓનું પાલન ન કરવું

**ગ્રાહક ફરિયાદ કેવી રીતે નોંધાવી શકે?**

| | | | | |
|---|---|---|---|---|
| સંબંધિત એનબીએફસીને લેખિત રજૂઆત | **એક માસ ના અંતે** ➢ | જો એનબીએફસી તરફથી જવાબ ન મળે અથવા એનબીએફસીના પ્રત્યુત્તરથી ગ્રાહક | **જો ગ્રાહકે અન્ય ફોરમનો સંપર્ક કર્યો ન ન હોય** ➢ | એનબીએફસી લોકપાલ સમક્ષ ફરિયાદ નોંધાવો (એનબીએફસી તરફથી જવાબ |

| | | | | |
|---|---|---|---|---|
| | | અસંતુષ્ટ હોય | | મળ્યા પછી એક વર્ષથી મોડું નહીં) |

**લોકપાલ કેવી રીતે નિર્ણય લે છે?**

- લોકપાલ સમક્ષની કાર્યવાહી ઝડપી હોય છે.
- સમજુતી દ્વારા સમાધાનને પ્રોત્સાહન આપે છે ----જો સમાધાન ન થાય તો એવોર્ડ / હુકમ જારી કરી શકે છે

**જો લોકપાલના નિર્ણયથી સંતુષ્ટ ન હોય તો ગ્રાહક અપીલ કરી શકે છે?**

**હા,** જો લોકપાલનો નિર્ણય અપીલ કરવા યોગ્ય હોય તો-----→ એપેલેટ ઓથોરીટી: ડેપ્યુટી ગવર્નર, આરબીઆઈ

**નોંધ:**

- આ એક વૈકલ્પિક વિવાદ નિવારણ તંત્ર છે.
- ગ્રાહક કોઈપણ સ્તરે અન્ય કોઈપણ અદાલત / ફોરમ / સત્તાનો નિરાકરણ માટે સંપર્ક કરવા સ્વતંત્ર છે.

**આ યોજનાની વધુ વિગતો માટે www.rbi.org.in જુઓ**